મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૧૦-૦૪-૨૦૨૬
શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૫૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### ખેતી-પશુપાલન છીનવાઈ જવાની ભીતિ વચ્ચે ગ્રામજનો મેદાને : ગામમાં રાજકીય પક્ષોના પ્રવેશ પર પ્રતિબંધના બેનરો લાગ્યા

# મહેસાણા મનપામાં ભળેલા ગામોમાં રોષનો જ્વાળામુખી : દેલા ગામ દ્વારા પણ ચૂંટણી બહિષ્કારનું એલાન : સ્થાનિક રાજકારણમાં ફફડાટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૦૯

મહેસાણા મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ થયેલા ગામોમાં વિરોધનો માહોલ દિવસેને દિવસે ઉગ્ર બનતો જઈ રહ્યો છે. તાવડિયા અને ઉચરપી ગામ બાદ હવે દેલા ગામના ગ્રામજનોએ પણ આગામી મનપા ચૂંટણીનો બહિષ્કાર કરવાનો દ્રઢ નિર્ણય જાહેર કર્યો છે. ગામમાં ઠેર-ઠેર 'કોઈપણ રાજકીય પક્ષે પ્રચાર માટે પ્રવેશ ન કરવો' એવા બેનરો લગાવવામાં આવતા રાજકીય વર્તુળોમાં ચિંતા ફેલાઈ છે.





**મનપામાં સમાવિષ્ટ ગામોમાં ઉગ્ર અસંતોષ**

દેલા ગામના ખેડૂતોનો મુખ્ય આક્ષેપ છે કે મહેસાણા પૂર્વ વિસ્તારમાં ભારતમાલા હાઈવે, શામળાજી હાઈવે, રીંગ રોડ તથા ઈન્ડસ્ટ્રીયલ ઝોન જેવા પ્રોજેક્ટ્સના કારણે તેમની કિંમતી ખેતીની જમીનો છીનવાઈ રહી છે. ખેતી અને પશુપાલન પર નિર્ભર પરિવારો માટે આ સ્થિતિ જીવતર પર સીધી અસર કરતી બની છે. જમીન ગુમાવવાના ભયને કારણે ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે અને તેઓ આંદોલનના માર્ગે આગળ વધી રહ્યા છે.

સ્થાનિક અગ્રણી કિરણ ચૌધરીએ જણાવ્યું હતું કે મનપામાં સમાવેશનો વિરોધ શરૂઆતથી જ ચાલી રહ્યો છે અને હાલ આ મુદ્દો હાઈકોર્ટમાં વિચારાધીન છે. આ કેસનો ચુકાદો આગામી શુક્રવારે આવવાની શક્યતા છે, જેને લઈને ગ્રામજનોમાં આતુરતા છે.

આ દરમિયાન છેલ્લા ચારથી પાંચ મહિનાથી ગ્રામ પંચાયતને તાળા મારવામાં આવ્યા હોવાથી ગામમાં વહીવટી શૂન્યાવકાશ સર્જાયો છે. વિદ્યાર્થીઓને સ્કૂલના દાખલા મેળવવામાં મુશ્કેલી પડી રહી છે, જ્યારે વેરા પાવતી જેવી સામાન્ય સેવાઓ માટે પણ લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પંચાયતનો રેકોર્ડ હજી નગરપાલિકાને સોંપાયો નથી, જેના કારણે સમસ્યાઓ વધુ વિકરાળ બની રહી છે.

### ઊંઝા APMC ખાતે મજૂરોને ગેસ સિલિન્ડર વિતરણ, વિકલાંગોને ટ્રાઇસાયકલ ભેટ

## સરકારી યોજના હેઠળ HP ગેસના FTL સિલિન્ડર અપાયા; ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સહાયનું કાર્ય

(ગરવી તાકાત) મહેસાણા તા.૦૯

ઊંઝા APMC ખાતે પોર્ટર (મજૂર) તરીકે સેવા આપતા શ્રમિકો માટે ગેસ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારની યોજના અંતર્ગત HP ગેસના ૫ કિલોના FTL સિલિન્ડર મજૂરોને વિતરણ કરવામાં આવ્યા હતા, જેના કારણે શ્રમિક વર્ગને દૈનિક જીવનમાં મોટી રાહત મળશે.

કાર્યક્રમમાં APMCના ચેરમેન દિનેશભાઈ પટેલ તેમજ તેમની ટીમ સાથે HP ગેસના પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મજૂરોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આ યોજના અમલમાં મુકાઈ છે, જેનો મુખ્ય હેતુ તેમને આર્થિક તથા વ્યવહારુ સહાય પહોંચાડવાનો છે. આ ઉપરાંત




સામાજિક જવાબદારી નિભાવતા પટેલ સોમાભાઈ શિવરામદાસ બાંગા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પણ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ હસ્તે વસંતભાઈ દ્વારા વિકલાંગ લાભાર્થીઓને ટ્રાઈસાયકલ અર્પણ કરવામાં આવી હતી, જેનાથી તેમના દૈનિક જીવનમાં સરળતા આવશે.

### વિસનગર તાલુકાના લૂંટ/ધાડના ગુનામાં પાંચ માસથી નાસતો ફરતો રીઢો આરોપી માત્રાસણ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપાયો

## મહેસાણા એસ.ઓ.જી. પોલીસની ટીમે બાતમીના આધારે પાલજ (ઇજપુરા) ના શખ્સને દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૦૯

મહેસાણા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ગંભીર પ્રકારના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા આપવામાં આવેલી સૂચના અન્વયે એસ.ઓ.જી. પોલીસને મોટી સફળતા મળી છે.

વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ લૂંટ અને ધાડ જેવા ગંભીર ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી પોલીસને થાપ આપી નાસતા ફરતા આરોપીને એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.



ઘટનાની વિગતઃ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર જી.આર. રબારીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ મોઢેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન એ.એસ.આઈ. ડાહ્યાભાઈ અને હેડ કોન્સ્ટેબલ હેમેન્દ્રસિંહને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, વિસનગર તાલુકાના ગંભીર ગુનાનો આરોપી ઠાકોર આશિષજી જાલમજી (ઉ.વ. ૨૫, રહે. પાલજ-ઈજપુરા, તા.જી. મહેસાણા) હાલ માત્રાસણ ગામના બસ સ્ટેન્ડ પાસે ઉભો છે.

પોલીસ કાર્યવાહીઃ બાતમીવાળી જગ્યાએ પોલીસે તુરંત તપાસ કરતા આરોપી આશિષજી ઠાકોર ત્યાંથી મળી આવ્યો હતો.

આ આરોપી સામે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૧૦(૪), ૩૧૦(૬), ૩૧૦(૫), ૬૧(૨), ૩(૫) તેમજ આર્મ્સ એક્ટ અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો.

પોલીસે આરોપીને હસ્તગત કરી વધુ તપાસ માટે વિસનગર તાલુકા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

આ સફળ કામગીરીમાં એસ.ઓ.જી. પી.આઈ. જી.આર. રબારી, પી.એસ.આઈ. બી.ડી. વાઘેલા, એ.એમ. રાઠોડ તથા અન્ય પોલીસ સ્ટાફના કર્મચારીઓ જોડાયા હતા.

### કડી તાલુકામાં યુવકની અપહરણ બાદ હત્યા કેસનો ભેદ ઉકેલાયો, બે આરોપી ઝડપાયા

## પ્રેમ પ્રકરણમાં યુવકને ફસાવીને ઢોર માર માર્યો; લાશ નર્મદા કેનાલમાં ફેંકી પુરાવા નાશનો પ્રયાસ

(ગરવી તાકાત)) મહેસાણા તા.૦૯

કડી વિભાગના ડીવાયએસપી હાર્દિક કુમારે પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપતા જણાવ્યું હતું કે મૃતક સની રાવળને તેના કાકાના સગાં પક્ષની યુવતી પ્રિયા સાથે પ્રેમ સંબંધ હતો. પ્રિયાના લગ્ન બાદ પણ બંને વચ્ચે સંપર્ક ચાલુ રહેતા પ્રિયાના પતિ અને સાસરિયાઓમાં મનદુઃખ વધ્યું હતું.

ગત ૧ એપ્રિલના રોજ પ્રિયાના પતિ રમેશભાઈ રાવળ, જેઠ જયંતીભાઈ રાવળ અને ભત્રીજા સુનીલભાઈ રાવળએ મળીને સનીની હત્યાનો પ્લાન ઘડ્યો હતો. આરોપીઓએ પ્રિયાને ધમકી આપીને સનીને થોળ ત્રણ રસ્તા પાસે બોલાવાવ્યો હતો. બપોરે સની રિક્ષા લઈને ત્યાં પહોંચતા જ આરોપીઓએ જાહેરમાં તેને પકડીને બળજબરીથી પીકઅપ ડાલામાં નાખી દીધો હતો.



ચાલુ વાહનમાં જ સનીને લાકડાના ધોકા અને ગડદાપાટુથી બેફામ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને સાણંદ જીઆઈડીસી માર્ગે સાંકળ ગામની સીમમાં લઈ જઈ ખેતરમાં ગોંધી રાખીને ઢોર માર મારતા તેનું મોત નીપજ્યું હતું.

ગુનાને છુપાવવા માટે આરોપીઓએ સનીની લાશને સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના જ્યોતિપુરા નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં ફેંકી દીધી હતી. ઉપરાંત, પુરાવા નાશ કરવા માટે પીકઅપ ડાલુ ધોઈને સંતાડવાનો પણ પ્રયાસ કર્યો હતો.

સની ઘરે પરત ન ફરતા ૭ એપ્રિલે કડી પોલીસમાં ગુમ થયાની નોંધ કરાઈ હતી. તપાસ દરમિયાન લખતર વિસ્તારમાંથી મળેલી અજાણી લાશની ઓળખ પરિવારજનો દ્વારા સની તરીકે કરવામાં આવી હતી. પોલીસે પ્રિયાની કડક પૂછપરછ કરતાં સમગ્ર કાવતરું બહાર આવ્યું હતું.

આ કેસમાં કડી પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે હત્યામાં વપરાયેલા લાકડાના ધોકા અને પીકઅપ વાહન જપ્ત કર્યું છે. હાલ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ફરાર આરોપી સુનીલભાઈને પકડવા માટે પોલીસ તંત્ર દ્વારા શોધખોળ ચાલુ છે.

### બાળ શિક્ષણ પ્રત્યે સેવા અને સંવેદનાનો અનોખો પ્રયાસ

## નાગલપુર વિસ્તારમાં બાળકોને સ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

**સર્વ સમાજ સેવા ગ્રુપ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ પ્રોત્સાહન માટે મહત્વપૂર્ણ પહેલ**



(ગરવી તાકાત) મહેસાણા તા.૦૯

મહેસાણા શહેરના નાગલપુર વિસ્તારમાં સર્વ સમાજ સેવા ગ્રુપ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકો માટે સ્લેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેસાણા જીલ્લા પ્રમુખ ચિંતનભાઈ ભુવાજી દ્વારા બાળકોને સ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ વધારવાનો અને જરૂરી શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવાનો હતો. આ પહેલને સ્થાનિક લોકો દ્વારા પણ વખાણવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટના સભ્યો તેમજ વિસ્તારના આગેવાનો હાજર રહ્યા હતા અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### સાત વર્ષથી પોલીસને થાપ આપતો પ્રોહિબિશનનો આરોપી મહેસાણા LCBની જાળમાં

## બાવલુ પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલ બનાસકાંઠા જિલ્લાનો શખ્સ મહેસાણા સિવિલ હોસ્પિટલ પાસેથી ઝડપાયો

(ગરવી તાકાત) મહેસાણા ૦૯

મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) એક મહત્વની સફળતા મેળવતા, બાવલુ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને મહેસાણા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીની સૂચના હેઠળ જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હતી.

LCB પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ PSI એ.ડી. કાકરેચા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન A.S.I. પિયુષકુમાર નગીનભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ જોરાજી કડવાજીને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, બાવલુ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૧૯ના પ્રોહિબિશનના ગુનાનો (ગુ.ર.નં-૧૬૪/૨૦૧૯) આરોપી હાલમાં મહેસાણા સિવિલ હોસ્પિટલ પાસે ઉભો છે.



બાતમીના આધારે પોલીસે સિવિલ હોસ્પિટલ નજીક વોચ ગોઠવી આરોપી ઠાકોર રમેશજી ભાયચંદજી શંકરજી (ઉં.વ. ૪૨, રહે. ડુંગરાસણ, જોગમાયાવાડી વાસ, તા. કાંકરેજ, જી. બનાસકાંઠા) ને ઝડપી પાડ્યો હતોઈ

પોલીસે આરોપી વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૫(૧) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી છે.

ઝડપાયેલા આરોપીને આગળની તપાસ અને કાયદેસરની અટકાયત માટે મહેસાણા 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.




# પશ્ચિમ એશિયા કટોકટી: ટ્રમ્પ ફસાયા

૨૦૧૦માં પ્રશંસનીય ફિલ્મ ×ફાસ ગયે રે ઓબામા× એક કોમેડી હતી, જે એક દુર્ઘટનામાંથી જન્મી હતી. તેની વાર્તા એક એનઆરઆઈની આસપાસ ફરતી હતી જે રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન અમેરિકામાં ઉદ્ભવેલા આર્થિક સંકટનો સામનો કરવા માટે ભારત પરત ફર્યો હતો. જેમ અમેરિકામાં મંદીએ તે સમયે સમગ્ર વિશ્વને પરેશાન કર્યું હતું, તેવી જ રીતે આજે સમગ્ર વિશ્વ ઈઝરાયલ દ્વારા શરૂ કરાયેલા અમેરિકાના ઈરાન પરના સંયુક્ત હુમલાથી પરેશાન છે. આ યુદ્ધ શરૂ થયાને એક મહિનાથી વધુ સમય વીતી ગયો છે, અને તે ક્યારે સમાપ્ત થશે તે કહેવું મુશ્કેલ છે.

જો અમેરિકાએ ઈઝરાયલને ટેકો ન આપ્યો હોત, તો આ યુદ્ધ પણ શક્ય ન બન્યું હોત. જોકે, એવું લાગે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના ઘમંડથી પ્રેરાઈને ઈરાનને વેનેઝુએલા સમજીને તેના પર હુમલો કર્યો અને તેણે મેળવેલી લશ્કરી ક્ષમતાના પ્રકાર અને હદને ધ્યાનમાં લીધા વિના તેના પર હુમલો કર્યો. તેઓ એ પણ સમજવામાં નિષ્ફળ ગયા કે ઈરાન પડોશી દેશો પર હુમલો કરીને અને હોર્મુઝ સીવેને અવરોધિત કરીને પરસેવો પાડી દેશે. તે હાલમાં તે જ કરવા સક્ષમ છે, અને ટ્રમ્પ આ યુદ્ધમાંથી કેવી રીતે બહાર નીકળવું તે અંગે ખોટમાં છે.

એક તરફ, તે સૌથી શક્તિશાળી શાસક અને વિશ્વનો નીતિનિર્માતા હોવાનો બડાઈ મારે છે, અને બીજી તરફ, તેણે હોર્મુઝ સીવે ખોલવા માટે ઈરાનને અનેક વિસ્તરણ આપીને પોતાની નબળાઈ છતી કરી છે. જો તેમની સેના એટલી શક્તિશાળી છે, તો ઈરાનની હડતાલ ક્ષમતા કેમ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહી નથી? તેઓ એવી મિસાઈલો છોડી રહ્યા છે જેણે અમેરિકા અને ઈઝરાયલ બંનેને સ્તબ્ધ કરી દીધા છે. ટ્રમ્પ ક્યારેક ઈરાનને પાષાણ યુગમાં પાછા મોકલવાની ધમકી આપે છે અને ક્યારેક તેની સાથે શાંતિ વાટાઘાટો શરૂ કરે છે.

ઈરાને ટ્રમ્પના શાંતિ વાટાઘાટોના પ્રસ્તાવને નકારી કાઢ્યો એટલું જ નહીં, પણ તેની મજાક પણ ઉડાવી. ઈરાન પણ વળતો ધમકીઓ આપી રહ્યું છે. ટ્રમ્પે ઈરાન પર હુમલો કરતા કહ્યું કે તે શાસન પરિવર્તન દ્વારા ઈરાનની પરમાણુ શસ્ત્ર ક્ષમતાને ખતમ કરવા માંગે છે. ઈરાનમાં શાસન પરિવર્તનના કોઈ સંકેત નથી, ભલે તેના સુપ્રીમ લીડર ખામેની સહિત ઘણા વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ માર્યા ગયા હોય. એ કહેવું પણ મુશ્કેલ છે કે તેના પરમાણુ પ્લાન્ટ્સને યુએસ અને ઈઝરાયલી હુમલાઓથી એટલું ગંભીર નુકસાન થયું છે કે તે ફરી ક્યારેય પરમાણુ શસ્ત્રો બનાવી શકશે નહીં.

ટ્રમ્પ, જે પોતાની ટેરિફ નીતિના સળિયાથી વિશ્વ પર રાજ કરે છે, તે ન તો ગલ્ફ દેશોને ઈરાનના હુમલાઓથી બચાવી શકે છે કે ન તો તેના સાથી દેશો, કે નાટોને પણ આ યુદ્ધમાં તેમને ટેકો આપવા માટે રાજી કરી શકે છે. તેના સાથીઓ પણ સહયોગ કરવામાં અનિચ્છા ધરાવે છે કારણ કે, થોડા સમય પહેલા, તેણે ગ્રીનલેન્ડને જોડવાની ધમકી આપી હતી. ઈરાને તણાવનું વાતાવરણ ઉભું કર્યું છે કે દુનિયા ટ્રમ્પની ઈચ્છા મુજબ બનશે, અને અન્ય દેશોએ તેમની જીદ સામે ઝૂકવું પડશે.

ટ્રમ્પ શાંતિના રાષ્ટ્રપતિ હોવાનો દાવો કરી રહ્યા છે અને સાત કે આઠ યુદ્ધો અટકાવી ચૂક્યા છે, પરંતુ તેમની પાસે કોઈ જવાબ નથી કે તેઓ રશિયા-યુક્રેન યુદ્ધને કેમ રોકી શક્યા નહીં, જે મુદ્દા પર તેમણે સૌથી વધુ પ્રેક્ટિસ કરી હતી. શાંતિના સ્વ-ઘોષિત મસીહા તરીકે, તેઓ નોબેલ પુરસ્કાર માટે લાયક હોવાનો દાવો કરે છે અને તે પ્રાપ્ત કરવામાં પોતાની નિષ્ફળતાનો અફસોસ કરે છે. જો કે, તેમણે સમગ્ર વિશ્વને ફક્ત અસ્થિર અને વિક્ષેપિત કર્યું છે. તેઓ તેમના સાથીઓ કરતાં પણ વધુ ખરાબ રીતે તેમના વિરોધીઓ સાથે વ્યવહાર કરવા ટેવાયેલા છે. ટ્રમ્પ ઈચ્છે છે કે આખી દુનિયા તેમને સલામ કરે, પરંતુ તે આ પ્રાપ્ત કરવા માટે ગુંડાગીરી અને ધમકીઓનો આશરો લે છે. આ કારણોસર, તેઓ આદર અને સન્માનને લાયક નથી અને હોઈ શકતા નથી. ટ્રમ્પ એક અવિશ્વસનીય અને અસ્તવ્યસ્ત શાસક છે, જે તેમના વચનોથી પાછા ફરવામાં, મનસ્વી રીતે વર્તવામાં અને જૂઠું બોલવામાં માહિર છે. તેઓ વિશ્વની દરેક સમસ્યાનો ઉકેલ હોવાનો ડોળ કરે છે, પરંતુ પશ્ચિમ એશિયા કટોકટી તેમના માટે કાંટો બની ગઈ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**મોતનું રહસ્ય વધુ અઘરૂ બન્યું : હવે એફએસએલના ફાઈનલ રિપોર્ટની જોવાતી રાહ**

# અમદાવાદમાં બે બાળકીનાં મોતનાં કિસ્સામાં નવો વળાંક : બ્લડ રિપોર્ટમાં ઉંઘની દવાનાં અંશ



અમદાવાદ તા.૯

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ઢોસાનાં ખીરૂના કારણે માસુમ બાળા મિષ્ટી અને રાહાના ફૂડ પોઈઝનીંગ કિસ્સો ગણાતો હતો પરંતુ બ્લડ રિપોર્ટમાં ઉંઘની દવાના અંશ મળતા મોતનું રહસ્ય ગુચવાયું છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈના જણાવ્યા મુજબ, ખાનગી હોસ્પિટલમાં દાખલ બાળકીઓના માતા-પિતા, વિમલ પ્રજાપતિ અને ભાવના પ્રજાપતિના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આ રિપોર્ટમાં બંનેના લોહીમાં ઊંઘની દવાના અંશો અથવા તે પ્રકારનું કધટેન્ટ મળી આવ્યું છે. જોકે, પોલીસ હજુ સત્તાવાર રીતે એફએસએલ (ઋજક) ના ફાઈનલ રિપોર્ટની રાહ જોઈ રહી છે, જે આગામી બે થી ત્રણ દિવસમાં આવી શકે છે.

પોલીસ હવે વિમલ પ્રજાપતિ અને તેમના પત્નીના નિવેદનો ફરીથી લેશે. ઊંઘની દવા તેમના શરીરમાં કઈ રીતે પહોંચી અને શું તે જ બાળકીઓના મોતનું મુખ્ય કારણ છે, તે સવાલ હવે કેન્દ્રસ્થાને છે. એફએસએલનો સત્તાવાર રિપોર્ટ આવ્યા બાદ આ ગૂંચવાયેલા કેસમાં મોટા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.

# ગુજરાત હાઈકોર્ટની લીલી ઝંડી : રાજ્યમાં નિદાન ક્ષેત્રે ક્રાંતિ લાવવા ૩૨૫થી વધુ અલ્ટ્રાસાઉન્ડ મશીનોની ખરીદીનો માર્ગ મોકળો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૯

ગુજરાતમાં સરકારી હોસ્પિટલોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાના રાજ્ય સરકારના મહત્વકાંક્ષી અભિયાનને મોટી સફળતા મળી છે. ગુજરાત હાઈકોર્ટે બુધવારે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ (GMSCL) ને સમગ્ર રાજ્યની સરકારી હોસ્પિટલો માટે ૩૨૫થી વધુ અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી મશીનોની ખરીદી પ્રક્રિયા સાથે આગળ વધવાની મંજૂરી આપી દીધી છે.




જસ્ટિસ એન. એસ. સંજય ગૌડા અને જસ્ટિસ જે. એલ. ઓડેદરાની ડિવિઝન બેન્ચે મુંબઈ સ્થિત એક કોન્ટ્રાક્ટર દ્વારા નોંધાવવામાં આવેલી કાયદાકીય પડકારને ફગાવી દઈને આ પ્રોજેક્ટ પર લાગેલી રોક હટાવી દીધી છે, જે હવે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનો ચહેરો બદલવા માટે તૈયાર છે.

આ સમગ્ર વિવાદ ફેબ્રુઆરી ૨૦૨૬માં બહાર પાડવામાં આવેલા ટેન્ડરની શરતોને લઈને શરૂ થયો હતો. મહારાષ્ટ્રના કોન્ટ્રાક્ટરે આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકારની પાત્રતાની શરતો અત્યંત કડક છે, જે નવા સાહસો અને ખાસ કરીને 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ કામ કરતી કંપનીઓને સ્પર્ધામાંથી બહાર રાખે છે.

જોકે, હાઈકોર્ટે આ દલીલોને ગ્રાહ્ય રાખી ન હતી. GMSCL વતી સરકારી વકીલ જી. એચ. વિર્કે ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે તબીબી સાધનોની ખરીદી એ કોઈ સામાન્ય બજાર પ્રયોગ નથી, પરંતુ તે સીધી રીતે જાહેર જનતાના વિશ્વાસ અને જીવન સાથે જોડાયેલો મુદ્દો છે.

તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ગંભીર બીમારીઓના નિદાન માટે વપરાતા સાધનોમાં રાજ્ય સરકાર વિશ્વસનીયતા, સાતત્ય અને સાબિત થયેલા ટ્રેક રેકોર્ડ સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરી શકે નહીં.

અદાલતે સરકારના આ તર્કનો સ્વીકાર કર્યો હતો કે જાહેર હિતમાં ટેકનિકલ અને નાણાકીય માપદંડો ઉંચા રાખવાનો રાજ્ય સરકારને સંપૂર્ણ અધિકાર છે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ હવે જિલ્લા હોસ્પિટલોથી લઈને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો સુધી નિદાનની આધુનિક સુવિધાઓ પહોંચશે. આ રોકાણ માત્ર નિયમિત ખરીદી નથી, પરંતુ ગુજરાતના હેલ્થકેર માળખામાં એક માળખાગત સુધારો છે.

આ નિર્ણયની અસર રાજ્યના હજારો દર્દીઓ પર સીધી રીતે જોવા મળશે, ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં જ્યાં અદ્યતન ડાયગ્નોસ્ટિક સુવિધાઓનો અભાવ છે.

૩૨૫થી વધુ નવા મશીનો આવવાથી ખાનગી સેન્ટરો પરની નિર્ભરતા ઘટશે અને દર્દીઓને સમયસર નિદાન મળી શકશે.

સૌથી મહત્વની બાબત એ છે કે, ગર્ભવતી મહિલાઓને ઘરઆંગણે ગુણવત્તાયુક્ત મેટર્નલ અને પ્રિનેટલ કેર ઉપલબ્ધ થશે, તેમજ ગંભીર બીમારીઓની વહેલી ઓળખ શક્ય બનશે. જે જિલ્લાઓમાં અત્યાર સુધી નિદાન માટે લાંબી રાહ જોવી પડતી હતી, ત્યાં આ મશીનો સમયસર સારવાર પૂરી પાડવામાં જીવનરક્ષક સાબિત થશે.

**ગુજરાતમાં ગત વર્ષમાં ૧૮.૯૫ લાખ પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન : રાજકોટ ત્રીજા ક્રમે**

# ૨૦૨૫-૨૬માં સરકારને પ્રોપર્ટી સ્ટેમ્પ ડ્યુટી-રજીસ્ટ્રેશન ફી પેટે ૧૯૦૦૦ કરોડની આવક; 30 ટકાનો વધારો

**રાજકોટમાં ૧,૫૪,૨૧૧ મિલ્કતોના રજીસ્ટ્રેશન થયા : ૩.૭૬ લાખ નોંધણી સાથે અમદાવાદ મોખરે**

**'રેરા'માં કોવિડકાળ બાદ સૌથી ઓછા પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન થવા છતાં સરકારની આવકમાં મોટો વધારો : લકઝરીયસ પ્રોપર્ટીનો ટ્રેન્ડ હોવાનો પુરાવો**

ગાંધીનગર, તા.૯

ઈરાન યુધ્ધ સહિતના કારણોસર રીયલ એસ્ટેટ માર્કેટ પર નવો નાણાંકીય બોજ છે ઉપરાંત વિવિધ કારણોસર છેલ્લા કેટલાંક વખતથી મંદીનો માહોલ છે જ્યારે ગુજરાતમાં ગત નાણાં વર્ષમાં પ્રોપર્ટી રજીસ્ટ્રેશન તથા સ્ટેમ્પ ડ્યુટી પેટે ૧૯૧૦૨.૫૮ કરોડની જંગી આવક થઈ હતી જે આગલા વર્ષના ૧૪૭૦૬ કરોડ કરતા ૩૦ ટકા વધુ હતી.



રાજ્ય સરકારના સૂત્રોએ કહ્યું કે, ૩૧ માર્ચે પુરા થયેલા ગત નાણાંકીય વર્ષમાં રાજ્યમાં કુલ ૧૮.૯૫ લાખ મિલ્કતોનું રજીસ્ટ્રેશન થયું હતું. આગલા વર્ષે ૧૮.૭૭ લાખની સરખામણીએ મામૂલી વધારો હતો છતાં નવી પ્રોપર્ટી-ઉંચાભાવની હોવાને કારણે સરકારની આવકમાં નોંધપાત્ર વૃધ્ધિ થઈ છે.

રીયલ એસ્ટેટ તથા સરકારી સૂત્રોએ એમ કહ્યું કે, સરકારે જંત્રી દરમાં વધારો કર્યો હતો તેને કારણે પણ આવક વૃધ્ધિ શક્ય બની છે. ૨૦૨૩-૨૪ના નાણાં વર્ષમાં સરકારે જંત્રી કિંમત ડાયલ કરી દીધી હતી.

ગત નાણાં વર્ષમાં રજીસ્ટ્રેશન થયેલી મિલ્કતોની સંખ્યામાં વધારો મામૂલી જ હતો છતાં સરકારી આવક વધી તેમાં લકઝરીયસ પ્રોપર્ટીનો વધતો ટ્રેન્ડ તથા જંત્રી દરમાં વધારાનો સિંહફાળો છે.

રાજ્ય સરકારે નાણાં વર્ષ દરમ્યાન પ્રોપર્ટી સ્ટેમ્પ ડ્યુટી તથા રજીસ્ટ્રેશન ફી પેટે ૧૯૮૦૦ કરોડની આવક થવાનો અંદાજ દર્શાવ્યો હતો. વાસ્તવિક આવક અનુમાનથી થોડી ઓછી થઈ છે.

રાજ્યમાં સૌથી વધુ મિલ્કત રજીસ્ટ્રેશન અમદાવાદ જિલ્લામાં હતા અને દેખીતી રીતે સૌથી વધુ આવક પણ આ જિલ્લામાંથી જ રહી હતી. જીલ્લામાં કુલ ૩૭૬૮૫૯ મિલ્કતોનું રજીસ્ટ્રેશન થયું હતું અને તેમાં સરકારને સ્ટેમ્પ ડ્યુટી તથા રજીસ્ટ્રેશન ફી પેટે ૪૩૭૯.૫૧ કરોડની આવક થઈ હતી.

અમદાવાદ પછી બીજા ક્રમે સુરત હતું. સુરત જિલ્લામાં ૨,૮૯,૫૪૪ મિલ્કતોનું રજીસ્ટ્રેશન થયું હતું. પ્રોપર્ટી રજીસ્ટ્રેશનમાં રાજકોટ જિલ્લો ત્રીજા નંબરે હતો. ગત નાણાં વર્ષમાં કુલ ૧,૫૪,૨૧૧ લિમક્તોનું રજીસ્ટ્રેશન હતું. આ સિવાય વડોદરામાં ૧,૩૨,૪૭૫ તથા ગાંધીનગરમાં ૧,૦૪,૧૭૫ મિલ્કતોની નોંધણી થઈ હતી.

રાજ્યમાં સૌથી ઓછા મિલ્કત સોદા અને રજીસ્ટ્રેશન ડાંગ જિલ્લામાં હતું જ્યાં વર્ષ દરમ્યાન માત્ર ૪૩ પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન થયું હતું. રીયલ એસ્ટેટ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાંક વખતથી ભલે સ્લોડાઉન હોય છતાં પ્રોપર્ટી ખરીદ-વેચાણ યથાવત જ છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશનની સંખ્યા પણ તેની સાબીતી છે.

ક્રેડાઈ ગુજરાતના પ્રમુખ તેજસ જોષીએ કહ્યું કે કેટલાંક નાર્કોથી ગુજરાતના રીયલ એસ્ટેટ માર્કેટમાં ડીમાંડ સ્ટ્રોગં છે. સેંકડો નવા પ્રોજેક્ટ નિર્માણ પામ્યા છે અને પ્રોપર્ટી સોદા-દસ્તાવેજો થયા છે. ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થવાનું હોવાની જાહેરાત થયા બાદ છેલ્લા મહિનાઓમાં કેટલાંક મોટા સોદા પણ થયા છે.

રેસીડેન્શીયલ, કોમર્શીયલ તથા ઈન્ડસ્ટ્રીયલ તેમ તમામ કેટેગરીમાં ડીમાંડ સ્ટ્રોંગ છે. આવતા મહિનાઓમાં પણ ધમધમાટ ચાલુ રહેવા સાથે રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યુટી તથા રજીસ્ટ્રેશન ફી આવક વધી શકે છે.અમુક જાણકારોએ એમ કહ્યું કે, ગત વર્ષના અનેક પ્રોપર્ટી રજીસ્ટ્રેશન આગલા વર્ષના સોદા પેટેના હોઈ શકે છે. ગુજરાતના રીપોર્ટમાં એવું સુચવાયું જ છે કે નવા પ્રોપર્ટી રજીસ્ટ્રેશન કોવિડકાળ પછીના તળીયે છે અર્થાત મંદી પ્રવર્તે છે.

**જ્યાં ઓબીસી વસ્તી નથી ત્યાં અનામત ફાળવી દેવાઈ છે : ફરી વિવાદ ચગ્યો**

# OBC અનામત; સ્થાનિક ચુંટણી સામે 'સ્ટે'ની સુપ્રીમમાં રીટ : આજે જ સુનાવણી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૯

ગુજરાતમાં મહાપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીઓમાં હવે ઉમેદવારી માટે આખરી ૪૮ કલાક જ છે તે સમયે વધુ એક વખત ઓબીસી અનામત મુદે હવે સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે અને તેના પર કાલેજ સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થશે.

અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં આ મુદે લડત આપનાર પાટીદાર નેતા એ તેની જાહેર હિતની અરજીમાં જણાવ્યું છેકે ઓબીસી અનામત સામે કોઈ વાંધો નથી પણ રોસ્ટર મુજબ જે બેઠકોમાં ઓબીસી સમુદાયની વસતિ નથી ત્યાં અનામત બેઠક આપી દેવાની બિન અનામત વર્ગને મોટો અન્યાય થયો છે.

રાજ્ય સરકારે યોગ્ય સર્વે વગર જ જે રીતે ઓબીસી અનામત બેઠક ફાળવી છે તેનાથી બિન અનામત વર્ગના માટે બહુ ઓછી બેઠકો ચુંટણી લડવા માટે 'ફ્રી' છે. જયારે આ બિન અનામત સમુદાયની વસતિ મોટી સંખ્યામાં છે જેથી તેઓને પુરતુ પ્રતિનિધિત્વ મળતુ નથી. હવે રાજયમાં ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ છે તે સમયે જ આ અંગે સુપ્રીમ કોર્ટ શું નિર્ણય લે છે તેના પર નજર છે.

રાજય સરકારે જે ઝવેરી પંચની રચના કરી હતી તેના રિપોર્ટના આધારે આ અનામત ફાળવાઈ છે. જો કે ગુજરાત હાઈકોર્ટમાં બાંભણીયાએ આ રોસ્ટર પ્રક્રિયા અંગે પ્રશ્ન ઉઠાવ્યા હતા અને ઝવેરીપંચનો રિપોર્ટ જાહેર કરવા માંગ કરી હતી તો સરકારે આ પ્રકારે રિપોર્ટ જાહેર કરવો બંધારણીય જરૂરિયાત નથી.

તેઓ જવાબ આપ્યો હતો અને તે બાદ ગુજરાત સરકારે ચુંટણી સામે લ્લસ્ટે' આપવાનો ઈક્રાર કર્યો હતો જેની સામે બાંભણીયાએ હવે સુપ્રીમમાં અરજી કરી છે. એક અન્ય પથુજી ઠાકોરે પણ આ રીતે કરેલી અરજી નકારાઈ હતી.

અગાઉ હાઈકોર્ટ સમક્ષ રજુઆત થઈ હતી કે ઓબીસી અનામત માટે ટ્રીપલ ટેસ્ટનો જે સુપ્રીમ કોર્ટે માર્ગરેખા જાહેર કરી છે અને લોકલ ડેટાના આધારે જ અનામત આપી શકાશે તે નિશ્ચિત કર્યુ છે તેનો અમલ થયો નથી.

જો કે હાઈકોર્ટે લ્લસ્ટે' આપવાનો ઈક્રાર કર્યો હતો.

ચુંટણી પ્રક્રિયા શરૂ: સુપ્રીમ લ્લસ્ટે' આપે તેવી શકયતા નહીવત

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચુંટણીમાં ઓબીસી અનામતનો મુદો ફરી ચગ્યો છે અને જે રીતે પાટીદાર નેતા દિનેશ બાંભણીયાએ સુપ્રીમમાં રીટ કરી 'સ્ટે' માંગ્યો છે પણ એક વખત ચુંટણી પ્રક્રિયા શરૂ થયા બાદ સર્વોચ્ચ અદાલત તેમાં ભાગ્યે જ દરમ્યાનગીરી કરે છે અને તેથી કાલની સુનાવણીમાં 'સ્ટે' મળવાની શકયતા નહીવત હોવાનું કાનુની નિષ્ણાંતો માની રહ્યા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજનો દિવસ ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિથી ભરપુર રહેશે. આ સમયે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમે અટકેલા પૈસા પ્રાપ્ત કરશો. નોકરીમાં પ્રમોશન તમે ચોક્કસપણે મેળવી શકશો.

**વૃષભ:** આજે તમારો દિવસ ભાગ્યશાળી રહેશે. ઘરે અને બહારના વધુ સર્પોટિવ વાતાવરણને કારણે લગભગ તમામ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં આવશે, પરંતુ ઉધાર સંબંધિત વર્તણૂકને લીધે થોડી ચિંતા થઈ શકે છે.

**મિથુન:** તમારો દિવસ સામાન્ય કરતા વધારે શુભ રહેશે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્ર પર તમને તમારી પ્રતિભા બતાવવાની તક મળશે. પૈસાના ફાયદા માટે આજે થોડી વધુ બૌદ્ધિક અને શારીરિક મહેનત કરવી પડી શકે છે.

**કર્ક:** તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યમાં સહકાર આપશો.

**સિંહ:** આજનો દિવસ ઉતાર-ચઢાવનો રહેશે. તમારી વિચારસરણીમાં નિરાશા ના આવવા દો. વધુ વ્યસ્ત કાર્યને લીધે સામાજિક ક્ષેત્રથી અંતર રહેશે. પૈસાના લાભ માટે કરવામાં આવતા પ્રયત્નોમાં મુશ્કેલીઓ સફળતા તરફ દોરી જશે.

**કન્યા:** આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. અતિશય ભાવુક રહેશો. આ કારણોસર ઘર અને બહારનું વાતાવરણ દૂષિત થઈ શકે છે. આર્થિક આયોજનોને પૂરા કરવામાં અવરોધ આવી શકે છે

**તુલા:** આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. પ્રતિસ્પર્ધકો હારશે અને કાર્ય ધંધો પહેલા કરતા વધુ સારી રીતે ચાલશે. તમારી મોટાભાગની આયોજિત યોજનાઓ સફળ થશે, જેનાથી આત્મવિશ્વાસ વધશે.

**વૃશ્ચિક:** તમને આજે થોડી કાળજી લેવાની સલાહ આપવામાં આવી છે, કોઈ ભૂલને લીધે તમારા મનમાં થોડી પીડા થઈ શકે છે. આજે બાકી રહેલા સરકારી કામોને કારણે સમય અને નાણાંનો વ્યય થઈ શકે છે.

**ધન:** ધંધામાં ઝડપથી નિર્ણય ના લેવાને કારણે કામમાં અડચણ અને નુકસાન થઈ શકે છે. નોકરી કરનારાઓના અધિકારમાં વધારો કરી શકાય છે. કોઈપણ માંગલિક કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

**મકર:** આજે ધૈર્યથી કાર્ય કરો કારણકે ઉતાવળા કામોને લીધે નુકસાનની સંભાવના છે. ભૌતિક સુવિધાઓ વધશે અને તમે તમારા હાથમાં મોટી રકમ મેળવીને ખુશ થશો.

**કુંભ:** દિવસના પહેલા ભાગમાં તમે મૂંઝવણમાં આવી શકો છો. કોઈ પણ કાર્યમાં સ્પષ્ટતાના અભાવને કારણે કાર્ય અટકી શકે છે, ફક્ત મન જ કાર્યોની રૂપરેખા બનાવશે. ધીરે ધીરે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જશે.

**મીન:** આ દિવસે તમે તમારા જીવન સાથેના તમામ કાર્યો કરી શકશો, પરંતુ તેમ છતાં સફળતા મેળવવામાં શંકા રહેશે. નિયમોનું પાલન ના થવાને કારણે સરકારી કામ પણ અધૂરા રહેશે.

## ફિલ્મી ગપશપ

# સમય રૈના પર 'શક્તિમાન' મુકેશ ખન્ના બગડયા : તેનું મોં કાળુ કરી ગધેડા પર બેસાડવા લાયક

**સમય રૈનાનો પલટવાર - 'શક્તિમાન' જોઈને બાળકો ખુદને શક્તિમાન સમજી છત પરથી છલાંગ લગાવતા**



નવી દિલ્હી તા.૯

'ઈન્ડિયા ગોટ લેટેન્ટ' વિવાદ બાદ સ્ટેન્ડ અપ કોમેડિયન સમય રૈના ફરી પરત ફર્યો છે. તેમણે પોતાનો પહેલો સ્ટેન્ડ અપ કોમેડી સ્પેશિયલ લ્લસ્ટિલ અલાઈવ' રિલીઝ કર્યો છે, જેમાં તેણે લ્લશક્તિમાન' મુકેશ ખન્ના પર નિશાન સાધતા મુકેશ ખન્ના તેની પર ખફા થયા છે અને કહ્યું હતું કે સમય રૈનાનું મોં કાળું કરીને તેને ગધેડા પર બેસાડવો જોઈએ.

આ અંગેની વિગત એવી છે કે, આ નવા વિડીયોમાં સમય રૈનાએ લ્લઈન્ડીયા ગોટ લેટેન્ટ' વિવાદ દરમિયાન તેના પર કોમેન્ટ કરનારા લોકોને એક પછી એક કરીને જવાબ આપ્યો છે. આ ક્રમમાં તેણે ટીવીના લ્લશક્તિમાન' એટલે કે મુકેશ ખન્ના પર પણ નિશાન સાધ્યુ હતું.

'ઈન્ડિયા ગોટ લેટેન્ટ' પર રણબીર અલ્લાહાબદિયાની ભદ્દી કોમેન્ટસ બાદ સમય રૈનાની જોરદાર ટિકા થઈ હતી. આ સમયે મુકેશ ખન્ના અને બી પ્રાક સહિત અનેક સેલેબ્સે પણ સમય રૈનાની ટિકા કરી હતી.

જેના એક વર્ષ બાદ સમય રૈનાએ પોતાના નવા વિડીયોમાં આ બધા સેલેબ્સ ટિકાકારોને જવાબ આપ્યો છે. જેમાં મુકેશ ખન્ના પર નિશાન સાધતા તેમણે જણાવ્યું હતું કે લ્લશક્તિમાન' (મુકેશ ખન્ના) કહી રહ્યા છે કે આવા ક્નટેન્ટ (સામગ્રી)ની બાળકો પર શું અસર પડશે, અરે ભાઈ, જયારે લ્લશક્તિમાન' આવતું હતું ત્યારે કોઈ બાળકે ખુદને લ્લશક્તિમાન' સમજીને છત પરથી છલાંગ લગાવી હતી. તમે તો બાળકોને માર્યા છે, તમે શું બોલી રહ્યા છો.

## ખેડૂતોનાં પ્રશ્નોનાં નક્કર ઉકેલ માટે સત્તામાં રહેવુ જરૂરી : કરપડા

# ‘આપ’નાં પૂર્વ નેતા રાજુ કરપડાએ અંતે કેસરિયો ધારણ કર્યો

ગાંધીનગર, તા.૯

આમ આદમી પાર્ટીનાં પૂર્વ નેતા અને રાજયનાં ખેડૂત આગેવાન રાજુ કરપડાએ અંતે આજરોજ ભાજપનો કેસરીયો ખેસ ધારણ કરી સતાવાર રીતે ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આજરોજ ગાંધીનગર ખાતે રાજુ કરપડાને પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવેએ ભાજપનો ખેસ પહેરાવી ખેડૂત નેતાનો ભાજપમાં સતાવાર રીતે પ્રવેશ કરાવ્યો હતો. આ તકે કમલમ ખાતે પૂર્વ મંત્રી ગોરધન ઝડફીયા, ભરતભાઈ બોઘરા, સહિતનાં ભાજપ આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ લ્લઆપ‘નાં કાર્યકાળ વખતે રાજુ કરપડાએ ખેડૂતોનાં પ્રશ્ને લાંબો જેલવાસ પણ વેઠયો હતો. જોકે તાજેતરમાં જ જેલમુકત થયા બાદ નેતા કરપડાએ ‘આપ‘માંથી રાજીનામુ ધરી દીધુ હતું. અને ત્યારથી જ તેઓ ભાજપમાં જોડાઈ જશે તેવી અનેક અટકળો અને ચર્ચા જાગી હતી.

અંતે તમામ અટકળોનો આજરોજ અંત આવેલ હતો અને પૂર્વ આપ નેતાએ ભાજપના ખેસ ગાંધીનગર ખાતે ધારણ કરી લીધો હતો. ઉલ્લેખનીય છે કે આજરોજ સવારમાં રાજુ કરપડાએ સુરેન્દ્રનગર ખાતે જબરૂ શકિત પ્રદર્શન કરી ૧૦૦ કારનાં કાફલા સાથે ગાંધીનગર તરફ પ્રયાણ કર્યું હતું. અને બપોરે ભાજપ કાર્યાલયે પહોંચી સતાવાર રીતે ભાજપ પ્રવેશ કર્યો હતો.

નોંધનીય છે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે જ કરપડાનો ભાજપ પ્રવેશ સૂચક મનાય છે અને હવે તેઓ સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતની મૂળી બેઠક ઉપર ભાજપ તરફથી ચૂંટણી લડશે. અગાઉ પણ કરપડા સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતની બેઠક ઉપરથી ચૂંટણી લડયા હતા. અને હવે ફરીથી તેઓ ભાજપ તરફથી જીલ્લા પંચાયતની ચૂંટરીમાં ઝંપલાવશે જેનાં પગલે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે હવે રાજકીય માહોલ ગરમાશે.

ખેડૂતોના હિત માટે સતત અવાજ ઉઠાવતા રહેલા રાજુ કરપડાએ ભાજપમાં જોડાયા બાદ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેમનો મુખ્ય ઉદેશ્ય માત્ર અને માત્ર ખેડૂતોના પ્રશ્નોનું નિવારણ લાવવાનો છે. તેમણે ભૂતકાળના અનુભવોને યાદ કરતા કહ્યું કે, વિપક્ષમાં રહીને માત્ર આંદોલનો અને નારેબાજી જ થઈ શકે છે, પરંતુ ખેડૂતોની સમસ્યાઓના કાયમી અને નક્કર ઉકેલ માટે સત્તામાં રહેવું જરૂરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ×હું મારો ચહેરો ચમકાવવા કે કોઈ પદ મેળવવા માટે ભાજપમાં નથી જોડાયો. જ્યારે હું જેલમાં હતો, ત્યારે જ મેં ખેડૂતોના હિતમાં સત્તાપક્ષ સાથે જોડાઈને કામ કરવાનો નિર્ણય લીધો હતો.×

રાજુ કરપડાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખેડૂતો માટે જે રાહત પેકેજો જાહેર કરવામાં આવ્યા છે તે પ્રશંસનીય છે. તેમણે અત્યંત મહત્વની સ્પષ્ટતા કરતા કહ્યું કે, ભાજપમાં જોડાવા પાછળ તેમની કોઈ પણ પ્રકારની ટિકિટની અપેક્ષા નથી.

તેમણે કહ્યું, ×હું અગાઉ જે પાર્ટીમાં હતો ત્યારે પણ ટિકિટની અપેક્ષા નહોતી અને અહીં પણ ટિકિટની કોઈ અપેક્ષા રાખ્યા વિના જોડાયો છું. ટિકિટ આપવી કે નહીં તે પાર્ટીનો આંતરિક નિર્ણય છે, મારો મુખ્ય ધ્યેય ખેડૂતોની સ્થિતિમાં સુધારો લાવવાનો છે.×

# હવે ‘પાનમસાલા-તમાકુ’ની ચોરી : તસ્કરો રૂા.૪૫ લાખનો માલ સામાન ઉઠાવી ગયા

અમદાવાદ, તા.૯

અમદાવાદના અસલાલીમાં આવેલ તીરૂપતી એસ્ટેટમાં લાખો રૂપિયાની ચોરીનો બનાવ બન્યો હતો છે. અહીં આવેલી નામાંકિત પાનમસાલા કંપનીના ગોડાઉનનું શટર તોડીને તસ્કરો લાખો રૂપિયાનો પાનમસાલાનો જથ્થો અને ઈન્ટરનેટના સાધનો ઉઠાવી ગયા હતા. વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે ચકચાર મચી ગઈ છે.



પોલીસ દ્વારા આ મામલે ફરિયાદ નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે ચોરોને પકડી પાડવા તપાસ શરૂ કરવામાં આવી છે. આ અંગે કંપનીના ગોડાઉનમાં છેલ્લા ૧૧ વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતા ૫૬ વર્ષીય મહાવીરકુમાર ભંવરલાલ જૈને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સવારે સવા છ વાગ્યે કંપનીના સબ-કોન્ટ્રાકટરમાં કામ કરતા કર્મચારીએ તેમને ફોન કરીને ગોડાઉનનું શટર તૂટેલું હોવાની જાણ કરી હતી. ત્યારબાદ તેઓ અને કંપનીના અન્ય અધિકારીઓ ગોડાઉને દોડી ગયા હતા.

સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું હતું કે વહેલી સવારે ૪:૦૦ થી ૪:૪૦ વાગ્યાના અરસામાં ૪ થી ૫ જેટલા અજાણ્યા શખ્સો બોલેરો પીક-અપ ડાલામાં આવ્યા હતા અને ગોડાઉનનું શટર ઊંચું કરી, અંદર પ્રવેશીને ચોરી કરી હતી.

તસ્કરોએ અસલાલીના તીરૂપતી એસ્ટેટ સ્થિત ગોડાઉનમાંથી કુલ રૂપિયા ૪૪,૯૨,૩૭૦ની ચોરી કરી બોલેરો પીકઅપમાં ભરીને ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલ સામાનમાં પાનમસાલા (૨.૨ ગ્રામ)ના ૧૩ બોક્સ અને પાનમસાલા (૪ ગ્રામ)ના ૬૫ બોક્સ (કિં.રૂ. ૩૪,૮૧,૮૫૯), પાનમસાલા (૧૦૦ ગ્રામ)ના ૦૪ બોક્સ (કિં.રૂ. ૧,૮૧,૯૪૪), તુલસી જર્દા (૦.૨૫ ગ્રામ)ના ૦૬ બોક્સ (કિં.રૂ. ૧,૨૮,૯૦૭), તુલસી જર્દા (૦.૪૫ ગ્રામ)ના ૦૨ બોક્સ (કિં.રૂ. ૫૧,૬૫૭) અને તુલસી રોયલ ખજૂરની ડબ્બીના ૦૬ બોક્સ (કિં.રૂ. ૪૮,૦૦૩) મળીને કુલ ૯૬ બોક્સ (કિં.રૂ. ૪૪,૪૭,૩૭૦)નો સમાવેશ થાય છે.

# કોર્ટના બાર રૂમોમાં એસી લગાવવા વકીલોની માંગ : હાઈકોર્ટના રજીસ્ટ્રારને પત્ર લખી રજૂઆત કરવામાં આવી

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટસમાં પ્રેક્ટિસ કરતા હજારો વકીલો માટે સુવિધા વધારવા સંદર્ભે એક મહત્વની માંગણી ઉઠી છે. એડવોકેટ બ્રીજ કેલ્લા, જેઓ અમદાવાદ ક્રિમીનલ કોર્ટસ બાર એસોસીએશનના પૂર્વ કારોબારી સભ્ય છે, તેમણે ગુજરાત હાઈકોર્ટના જનરલ રજીસ્ટ્રારને પત્ર લખીને ફોજદારી કોર્ટના બાર રૂમોમાં તાત્કાલિક એર કંડીશનર (એસી) લગાવવા વિનંતી કરી છે.

પત્રમાં જણાવ્યા અનુસાર, અમદાવાદના લાલ દરવાજા (અપના બજાર) ખાતે નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ હેઠળ ચાલતી કોર્ટસ અને ઘીકાંટા સ્થિત મેટ્રોપોલીટન કોર્ટસના મોટાભાગના કોર્ટ રૂમોમાં હાલ એસીની સુવિધા ઉપલબ્ધ છે.



ન્યાયીક અધિકારીઓ એસીની સુવિધા સાથે હોલમાં કામ કરી રહ્યા છે, પરંતુ તે જ બિલ્ડીંગમાં કાર્યરત અંદાજે ૬૫૦૦ જેટલા ધારાશાસ્ત્રીઓ આ સુવિધાથી વંચિત રહી ગયા છે.

આ કોર્ટ કમ્પાઉન્ડમાં દરરોજ આશરે ૩૦૦૦ જેટલા વકીલો અને ૮૦૦૦ થી ૧૦૦૦૦ જેટલા પક્ષકારો તથા પોલીસ કર્મચારીઓની અવરજવર રહે છે. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતના વાતાવરણમાં આવેલા ફેરફારને કારણે એપ્રિલથી જુલાઈ મહિના દરમિયાન ગરમીનો પારો અત્યંત ઊંચો જાય છે.

ફોજદારી કોર્ટમાં વેકેશન હોતું નથી, જેના કારણે કાળઝાળ ગરમીમાં કામ કરતા વકીલોને સ્વાસ્થ્ય સંબંધી ગંભીર સમસ્યાઓ જેવી કે ઉલટી, ચક્કર અને હાઈ બ્લડ પ્રેશરનો સામનો કરવો પડે છે.

સરકાર અને ન્યાયતંત્ર દ્વારા જ્યારે નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવામાં આવી રહ્યું છે, ત્યારે અમદાવાદ મેટ્રોપોલીટન કોર્ટના ૧૫૦૦ થી વધુ ધારાશાસ્ત્રીઓ માટે ફાળવવામાં આવેલા ચાર મોટા બાર રૂમોમાં વહેલી તકે એસી લગાવવામાં આવે તેવી વકીલોની મુખ્ય માંગ છે.


**જાહેર નોટીસ**

**શ્રી ડી.કે.ડામોર એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધરણીધરની કોર્ટમાં**

જન્મ-મરણ નોંધણી/એસ.આર.નં.૨૮/૨૦૨૬

અરજદાર : શ્રી ચૌધરી વોહતાભાઈ સવદાનજી રહે, મુ. દૈયપ, તા. ધરણીધર, જિ. વાવ-થરાદ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી-વ- તલાટી કમ મંત્રીશ્રી, દૈયપ ગ્રૂપ, તા. ધરણીધર

અરજ : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરવા બાબત...

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરવા બાબત. આથી લાગતા વળગતા ઈસમોને આ જાહરે નોટીસથી જાણ કરવામાં આવે છેકે, અરજદારશ્રી ચૌધરી વોહતાભાઈ સવદાનજી રહે, મુ. દૈયપ, તા. ધરણીધર, જિ. વાવ-થરાદનાઓએ તેમના પુત્ર નામે ચૌધરી જયેશભાઈ વોહતાભાઈનો જન્મ તા. ૧૨/૧૧/૨૦૧૧ના રોજ દૈયપ મુકામે થયેલ છે. તેની જન્મ નોંધણી દૈયપ ગ્રૂપ ગ્રામ પંચાયત ખાતે થયેલ નથી. જેની અરજદારશ્રીના પુત્રના જન્મ નોંધણી અંગે જે કોઈને વાંધો યા તકરાર હોય તો તેમને અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં જાતે અથવા પોતાના વકીલ માફરતે હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ સર્વેએ લેવી. આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરેલ છે.

કોર્ટનો સિક્કો

ડી.કે. ડામોર (G.A.S)
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
ધરણીધર


## ઓબીસી અનામતથી બેઠકો બદલતા ભાજપના નેતાઓને ટિકીટ નહી મળે

# જયાં રહેતા હોય-લડયા હોય ત્યાં જ ટિકીટ : નવા માપદંડથી અનેક દાવેદારો કપાશે

(ગરવી તાકાત) અમદાવાવ તા.૯

ગુજરાતમાં તા.૬ બાદ ગાંધીનગરમાં ભાજપની સંકલન-પાર્લીયામેન્ટ્રી બોર્ડની મેરેથોન બેઠકો બાદ પણ હજું સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયામાં એક પણ જીલ્લા-મહાનગરની યાદી પ્રસિદ્ધ થઈ નથી અને હવે તા.૧૦-૧૧ ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખ હોવાથી ભાજપની યાદી આજે રાત્રીથી અથવા કાલેજ જાહેર થશે તેવા સંકેત છે.

ખાસ કરીને જીલ્લા-મહાનગરોમાંથી જે યાદી આવી રહી છે તેમાં જે પેનલો બનાવવામાં આવી છે તેમાં પણ અનેક વિસંગતતા હોવાનું મોવડીમંડળના ધ્યાનમાં આવતા અનેક યાદીમાં મોટા ઓપરેશન થયા હોવાનું પણ બહાર આવ્યું છે. આથી જયારે મોવડીમંડળ આખરી યાદી કલીયર કરીને જાહેર કરશે તો અનેક વિસ્તારોમાં દાવેદારોના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવો અહેસાસ થશે.



સૌ પ્રથમ તો આ ચુંટણીથી જે પોલીસી અનામત આવી છે તેનાથી કોકડું વધુ ગુંચવાયુ છે. ભાજપમાં એવી ચર્ચા છે કે ૨૭% પોલીસી અનામત લાવીને લ્લખીર‘ કરવાની મહેચ્છા હશે તો લ્લથુલુ‘ થઈ જવાનો ભય છે.

ભાજપના ટેકેદારોમાં મોટા પાયે સવર્ણ સમાજ છે. તેઓને હવે જે ફ્રી બિનઅનામત સીટ મળતી હતી તે ઓછી થઈ છે.

તેથી સવર્ણ સમાજમાં હવે ‘ફ્રી‘ બેઠકો પર લડવાની સ્પર્ધા વધી ગઈ છે અને તેમાં પણ અનેક જીલ્લા-મહાનગરોમાં જયાં ઓબીસી અનામત નથી ત્યાં જનરલ કેટેગરીના ઉમેદવારને બદલે સ્થાનિક લ્લઓબીસી‘ વગમાં આવતા દાવેદારના નામ ટિકીટમાં આવતા જે નિર્ણય થયો તે પાર્લીયામેન્ટ્રી બોર્ડ સુધી પહોંચી ગયો હતો.

ઓબીસી, એસટી, એસસી અનામત અને મહિલા અનામત આ તમામે સવર્ણ સમાજના મજબૂત પુરુષ ઉમેદવારને બદલે ઓબીસીને પક્ષે વસતિની મજબૂરીથી ટિકીટ આપવી પડે તેમાં પણ કોઈક માર્ગ શોધવાની પાર્લીયામેન્ટ્રી બોર્ડમાં પહોંચી છે.

બીજુ અનામત બેઠકો વધતા અનેક દાવેદારોએ અન્ય વોર્ડ બેઠક પર કરેલી દાવેદારી પણ મોવડીમંડળને સ્વીકાર્ય નથી અને ખાસ કરીને જે વોર્ડમાં તમો રહેતા હોય અથવા ગત ચુંટણી જયાં લડીને જીત્યા હોય ત્યાં જ જો તેઓએ દાવેદારી કરવાની રહેશે.

આમ અનામતમાં વોર્ડ બદલી પણ પક્ષના મોવડીમંડળે સ્વીકારી નથી અને તેમાં પણ યાદી નવેસરથી બનાવવા પાર્લીયામેન્ટ્રી બોર્ડ જણાવતા હવે અનેક દાવેદારો કપાઈ જશે અને સમગ્ર યાદી પણ ફરી જાય તો આશ્ચર્ય થાય તેવા સંકેત છે. હવે આજે પાર્લીયામેન્ટ્રી બોર્ડ મેરેથોન બેઠકો શરૂ કરી છે અને સાંજથી જ કે મોડીરાત્રીના યાદી જાહેર થાય તેવી શકયતા છે.

# ધીરજ અને સહનશીલતા કમજોરી નથી,એ તો અંદરની તાકાત છે જે બધા પાસે નથી હોતી!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




આજે ચિંતનાત્મક લેખમાં બે પથ્થરો વચ્ચેની એવી વાત કે જે આપણને ખરેખર કંઈક જીવનના બોધપાઠરૂપ બને તે આપણે જોઈએ તો એક નદી પર્વતોમાં થી લાંબી અને કઠિન મુસાફરી કર્યા પછી,ટેકરીઓની તળેટીમાં પહોંચી. તેના બંને કાંઠે અસંખ્ય પથ્થરોના ઢગલા પડ્યા હતા, કેટલાક ગોળાકાર,કેટલાક અંડાકાર અને ઘણા ચોક્કસ આકાર વિનાના.આ બધા વચ્ચે બે પથ્થરો એકબીજાના પરિચય માં આવ્યા તેઓ એકબીજા સાથે તેમના આંતરિક વિચારો અને લાગણી ઓ વ્યક્ત કરવા લાગ્યા બેમાંથી એક સંપૂર્ણપણે ગોળ,સુંવાળો અને દેખીતી રીતે આકર્ષક હતો, જ્યારે બીજો આકારહીન, ખરબચડો અને કંઈક અંશે સારો ન હતો.એક દિવસ,આકારહીન,ખરબચડા પથ્થરે રૂપાળાપથ્થરને પૂછ્યું, ×આપણે બંને દૂરના,ઊંચા પર્વતો માંથી આવીએ છીએ.××પ્રવાહના પ્રવાહથી વહી ગયા પછી,તું આટલો ગોળાકાર,સુંવાળો અને આકર્ષક કેમ છે,જ્યારે હું નથી?

આ સાંભળીને,સુંવાળો પથ્થર બોલ્યો,×તને ખબર છે, શરૂઆત માં હું બિલકુલ તારા જેવો જ હતો.પણ ત્યારથી,હું ઘણા વર્ષો સુધી સતત વહેતો તૂટતો રહ્યો અને થાકી ગયો છું...કોણ જાણે કેટલા તોફાનોનો સામનો કર્યો છે? અસંખ્ય વખત,નદીના ભયંકર મોજાએ મને ખડકો પર ધકેલી દીધો છે.અને અન્ય સમયે પ્રવાહ મારા શરીરમાં પણ ખોદાઈ ગયો છે...આ બધું સહન કર્યા પછી જ મને આખરે આ સ્વરૂપ મળ્યું.

×તમે જુઓ,મારી પાસે હંમેશા આ મુશ્કેલીઓથી બચવાનો વિકલ્પ હતો-ફક્ત નદી કિનારે આરામથી સૂઈ રહેવું...પણ શું તે ખરેખર જીવવું છે?ના;મારી વિચાર પ્રમાણે,તે મૃત્યુ કરતાં પણ ખરાબ ભાગ્ય છે!

×તમારા હાલના દેખાવથી નિરાશ ન થાઓ.તમારી સામે હજુ પણ સંઘર્ષો છે;છતાં,જો તમે સતત પ્રયત્નશીલ રહેશો,તો એકદિવસ તમે મારા કરતાં પણ વધુ સુંદર, ગોળ,સુંવાળા અને આકર્ષક બનશો.×એવા સ્વરૂપ સાથે સમાધાન ન કરો જે ખરેખર તમારા સ્વભાવને પ્રતિબિંબિત કરતું નથી.આજે,તમે બરાબર એ જ છો જે હું ગઈકાલે હતો... અને કાલે,તમે બરાબર એ જ બનશો જે હું આજે છું..અથવા કદાચ,તેનાથી પણ વધુ સારા!× આ શબ્દો સાથે, સુંવાળા પથ્થરે પોતાનો જવાબ સારી રીતે આપ્યો.

આ પ્રમાણે જે વેશ્યાના ઘરમાં બેઠો છે. તે સતત રાધામાધવનું ધ્યાન કરે છે, ત્યારે મંદિરમાં પહોંચેલો વૃત્ત શું કરે છે તે જોઇએ. વૃત્તનું ધ્યાન ઈશ્વરમાં લાગતું નથી.ચિત્ત ઈશ્વરમાં ચોંટતું નથી.તે તનથી મંદિરમાં હતો પણ તેનું મન મંદિરમાં નથી. તે વિચાર કરે છે કે, વેશ્યા હતી તો અતિ સુંદર. હું પણ ત્યાં રહ્યો હોત તો ખોટું ન હતું! આ પ્રમાણે મંદિરમાં તે વેશ્યાનું ચિંતન કરે છે. બેઠો છે મંદિરમાં પણ તેનું મન છે વેશ્યામાં!પરિણામ તમે કલ્પી શકશો. અવૃત્તને મુક્તિ મળી અને વૃત્તને અધોગતિ મળી

અવૃત્ત વેશ્યાના ઘરમાં ભગવાન નું ચિંતન કરતાં કરતાં વિષ્ણુલોક ને પામ્યો, ત્યારે વૃત્ત મંદિરમાં વેશ્યાનું ચિંતન કરતાં કરતાં નરકમાં ગયો.માટે દેહશુદ્ધિ નહીં, મનશુદ્ધિ જરૂરની છે. ગોપીઓ કહે છે કે, અમારા મનમાં કોઈ વિકાર વાસના નથી. અમે તમારી પાસે આવીએ છીએ.ભગવાન ગોપી ઓને પૂછે છે કે, તમારા મનમાં કોઈ વિકાર નથી તેનું પ્રમાણ શું? ત્યારે ગોપી કહે છે કે, તમે જ પ્રમાણ છો. તમે અમારી અંદર બેઠાં છે.ગોપીઓ કેવી રીતે દ્રઢતાથી જ જવાબ આપે છે તે જોવાનું છે. સંપૂર્ણ વૈરાગ્ય,સંપૂર્ણ પરાભક્તિ વિના એ શક્ય નથી.

ઈશ્વર પરિપૂર્ણ વૈરાગ્ય, પરિપૂર્ણ પ્રેમ-ભક્તિ,પરિપૂર્ણ જ્ઞાન માગેછે

ગોપીઓ કહે છે કે, તમે અમારી અંદર બિરાજો છો, તમે અમારા મનના ભાવ જાણો છો.તમે અજાણ બની શા સારુ પૂછો? જાતે જ જોઈ લો ને કે અમારી અંદર શું છે ને શું નથી. શરીરનો પતિ ઘરમાં છે, પણ આત્માના સાચા પતિ તો આપ છો. આપે કહ્યું કે પતિમાં ઈશ્વરની ભાવના રાખી પતિની સેવા કરો પતિમાં ઈશ્વરની ભાવના તે રાખે કે જેને ઈશ્વર ન દેખાય, પણ આપનાં પ્રત્યક્ષ દર્શન કર્યા પછી અન્યમાં તમારી ભાવના કરવાની જરૂર રહેતી નથી.ભાવના સદ વિયોગમાં હોય, સંયોગમાં નહીં પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યારે મૂર્તિમાં ભગવાનની ભાવના કરવી પડે છે,પણ તમારા દર્શન થયા પછી હવે તમને છોડી બીજા શામાં અમે ભાવના કરીએ?અને પતિ એટલે કોણ? મૃત્યુના ભયથી રક્ષણ કરે એ જ પતિ છે તે તો આપ પરમાત્મા જ છો.જીવમાત્ર ના સાચા પતિ ઈશ્વર તે આપછો આપના વિના બીજો કોણઅમને બચાવે એવો છે? તેથી સમજીને અમે આપના ચરણનો આશ્રય કર્યો છે.

ગોપીઓ કહે છે કે પતિવ્રતા ધર્મ ચિત્તશુદ્ધિ માટે છે અને ચિત્તશુદ્ધિ પ્રભુપ્રાપ્તિ માટે છે.

એ પ્રભુપ્રાપ્તિ તો અમને તમારાં દર્શનથી થઈ.હવે પાછા ચક્કરમાં શા સારુ ફસાઈએ?શ્રીકૃષ્ણ કહે મેં તમને પતિવ્રતા સ્ત્રીનો દાખલો આપ્યો કે,ઘરમાં રહી તેણે સિદ્ધિ પ્રાપ્ત કરેલી.તમે પણ તેવી સિદ્ધિ પ્રાપ્ત કરો. વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## સૌનો સાથ સૌનો વિકાસ વિચારણા ધારા ને લઈને ચાલતી ભારતીય જનતા પાર્ટી

# કડી નગરપાલિકાની ચૂંટણી ટિકિટમાં ભાજપના બને દિગ્ગજ નેતાઓમાંથી કોને આપે છે 'સાથ'

## પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને રાજેન્દ્રભાઈ ચાવડા વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો

### ચૂંટણી ટિકિટ ને લઈને ભાજપ V/S ભાજપ આમને સામને જોવા મળ્યું

(ગરવી તાકાત) કડી તા.૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ને જાહેરાત થતા ની સાથે સાથે ચુંટણી લડવા માટે અનેક નેતાઓ એ પોતાની લોબિંગ શરૂ કરી દીધી હતી અને રાજ્ય સરકાર સુધી પણ અમુક નેતાઓ એ લોબિંગ કરવા માટે પહોંચી ગયા હતા. વાત કરવામાં આવે તો મહેસાણા જીલ્લા ના કડી તાલુકા માં જ્યારે પણ ચૂંટણી નો મામલો આવે ત્યારે ચૂંટણી માં ટિકિટ માટે ભાજપ ના જ નેતાઓ આમને સામને આવી જતા અનેક વારા સામે આવ્યું છે ત્યારે ફરી એક વાર સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી ને લઈ ને કડી નગરપાલિકા ની ચૂંટણી ની ટિકિટ લેવા માટે પડાપડી જોવા મળી રહી છે અને આ ચૂંટણી ની ટિકિટ માં ભાજપ ની સામે ભાજપ ના જ કાર્યકરો આમને સામને આવી ગયા હોય તેવું સ્પષ્ટ ચિત્ર જોવા મળી રહ્યું છે.

મહેસાણા જિલ્લાના કડી નગરપાલિકાના ચૂંટણી જંગ પૂર્વે જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ભારતીય જનતા પાર્ટીમાં





ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ થતા જ પક્ષ બે ભાગમાં વહેંચાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને વર્તમાન ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા વચ્ચે પોતાના સમર્થકોને ટિકિટ અપાવવા માટે ભારે ખેંચતાણ જોવા મળી રહી છે. આ આંતરિક કલહ હવે ચાર દીવાલોની બહાર નીકળીને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર પહોંચી ગયો છે..

ભાજપ ની હંમેશા રણનીતિ કઈક અલગ અલગ પ્રકારની જ હોય છે પરતું કડી પાલિકામાં 'નવા ચહેરા'ના નામે જૂના જોગીઓ સામસામે આવી ગયા હોય તેવું જોવા મળી રહ્યું છે હવે આ વિવાદ ભારતીય જનતા પાર્ટી ના દિગ્ગજ નેતાઓ ને સામે આવી તો ગયો છે પરતું આ દિગ્ગજ નેતાઓ કોના માથે કળશ મૂકવામાં આવશે તે આવનાર સમય જ બતાવશે.

મહેસાણા રાજકારણનું એ.પી સેન્ટર ગણાતા કડી પંથકમાં અત્યારે લોકશાહીના પર્વ પૂર્વે જ 'ઘરનો ઝઘડો' શેરીએ ચડ્યો છે. કડી નગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ મેળવવા માટેની હોડ હવે માત્ર બેઠકો પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તે પ્રતિષ્ઠાના જંગમાં ફેરવાઈ ગઈ છે. ભાજપના બે દિગ્ગજ નેતાઓ વચ્ચેના ગજગ્રાહે પક્ષના શિસ્તના લીરેલીરા ઉડાવ્યા છે, જેમાં સોશિયલ મીડિયા હવે હથિયાર બની ગયું છે.

ભ્રષ્ટાચારના આક્ષેપો અને આંતરિક ખેંચતાણ વચ્ચે જે રીતે પોસ્ટ વાયરલ થઈ રહી છે, તેણે કડી ભાજપના સંગઠનમાં રહેલી મોટી તિરાડ ખુલ્લી પાડી દીધી છે. સત્તાનું સુકાન પોતાના હસ્તક રાખવા માટે ખેલાઈ રહેલો આ 'ખરાખરીનો ખેલ' હવે કયા વળાંકે પહોંચશે તેના પર આખા જિલ્લાની નજર મંડાયેલી છે.

### નવા ચહેરાઓ વિરુદ્ધ જૂના જોગીઓ નું શું પતું કપાશે તે મોટો સવાલ

**આ વખતની ચૂંટણીમાં કડી નગરપાલિકા માં અન્ય પક્ષો કરતા ભાજપ ની સામે ભાજપ ના લોકો જ બાયો ચડાવી ને બેસી ગયા. કડી નગરપાલિકાનું સુકાન નવા ચહેરાઓને સોંપવા માટે એક પક્ષ સક્રિય પ્રયાસ કરી રહ્યો છે. જ્યારે બીજો પક્ષ પોતાના અનુભવી અને વફાદાર સમર્થકોને ફરીથી સ્થાપિત કરવા માટે મક્કમ છે. પૂર્વ ડેપ્યુટી સી.એમ નીતિન પટેલ અને ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ચાવડા બંને ઈચ્છે છે કે, પાલિકામાં તેમના જ જૂથના ઉમેદવારોનું વર્ચસ્વ રહે. સત્તાના આ ખેલમાં પક્ષના હાઈકમાન્ડ માટે બંને નેતાઓને સંતુષ્ટ કરવા એ એક મોટો પડકાર બની રહ્યો છે. નવા લોહીને તક આપવી કે જૂના વિશ્વાસુઓને જાળવી રાખવા તે મુદ્દે ભારે મનોમંથન પાર્ટીમાં ચાલી રહ્યું છે.**

### બને દિગ્ગજ નેતાઓ માંથી કોના આશીર્વાદ ફળશે? ક્યાં નેતાનો દબદબો રહશે તે ચર્ચાએ જોર પકડ્યું

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માં વર્ષો થી કડી નગરપાલિકા માં ભાજપ ના ગઢ માં રહી છે અને આવનાર સમય માં પણ ભાજપ ના ગઢ બનશે એમાં કઈ નવાઈ ની વાત નથી પરતું આ જંગ માં ભાજપ ની સામે ભાજપ નો જ ખરાખરી જંગ જામ્યો છે. ચૂંટણીમાં આ વખતે ખરાખરીનો જંગ જોવા મળવાના પૂરેપૂરા સંકેતો છે. પક્ષના આંતરિક વિખવાદનો ફાયદો વિરોધ પક્ષો ઉઠાવે તેવી પણ ભીતિ સેવાઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે અંતિમ સમયે કડી પાલિકાના ઉમેદવારોની યાદીમાં કોના આશીર્વાદ ફળે છે અને કયું જૂથ ટિકિટ મેળવવામાં સફળ રહે છે. નીતિન પટેલનું વજન પડશે કે, રાજેન્દ્ર ચાવડાની રણનીતિ કામ કરી જશે, તે તો આવનારો સમય જ બતાવશે. જોકે, હાલની સ્થિતિએ કડી ભાજપમાં 'ઘરના જ ઘાતકી' જેવો ઘાટ જોવા મળી રહ્યો છે.**

## નવજાત બાળકને રૂા.૧ લાખમાં વેંચી દીધાની કબુલાત

# બનાસકાંઠામાં બાળ તસ્કરીનાં આંતરરાજય રેકેટનો પર્દાફાશ : બે આરોપીઓ પકડાયા

બનાસકાંઠા તા.૯

બનાસકાંઠા જિલ્લામાં બાળ તસ્કરીના એક આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ થયો છે, જેણે માનવતાને પણ શરમાવી દીધી છે. વડગામ તાલુકાના ધનાપુરા ગામના પાટીયા પાસેથી અજાણ્યા ઈસમ દ્વારા ચાર વર્ષના માસૂમ બાળકનું અપહરણ કરાયું હતું. જેના કારણે બનાસકાંઠા પોલીસે તુરંત જ ઓપરેશન દેવ હાથ ધર્યું હતું અને અલગ અલગ ટીમો બનાવીને તપાસ શરૂ કરી હતી.

પોલીસની સઘન તપાસના કારણે ગણતરીના કલાકોમાં અપહરણ કરાયેલા બાળકને હેમખેમ છોડાવી લેવાયું છે.

સાથે જ બાળ તસ્કરીના ગુનામાં સંડોવાયેલા મેપડા અને ખાપરાના બે આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછમાં જે વિગતો સામે આવી છે, તે ખુબ ચોંકાવનારી છે. આરોપીઓએ આ અગાઉ પણ એક



મહિનાના નવજાત બાળકને એક લાખ રૂપિયામાં હિન્દી ભાષી ઈસમને વેચી દીધું હોવાની કબૂલાત કરી છે. વધુમાં પૈસા માટે યુવતીઓના સોદા કરી તેમના લગ્ન કરાવતા હોવાનું પણ સામે આવ્યું છે. આરોપીઓએ ચાર વર્ષના બાળકનું અપહરણ કર્યા બાદ ટ્રેન મારફતે બાળ તસ્કરી કરતા હોવાનું ખુલ્યુ હતું.

આ બનાવ વડગામ તાલુકાના ધનપુરા ગામે ભિક્ષાવૃત્તિ કરવા પરિવાર સાથે આવેલ રાજસ્થાનના પાલીના સુઝારામ રાણારામ ભીલ જેઓ ગત તા. ૬ એપ્રિલના રોજ બપોરના સમયે ભિક્ષા માંગવા ગયા હતા. તે સમયે તેમના બાળકો એકલા હતા. જેનો લાભ ઉઠાવીને ગાડીમાં આવેલ અજાણ્યો ઈસમ તેમના ચાર વર્ષના પુત્રને દસ રૂપિયા આપીને તેનું ગાડીમાં અપહરણ કરી ફરાર થઈ ગયો હતો.

આ ગુનામાં શૈલેષ લાડુભાઈ લક્ષ્મણભાઈ ગમાર (રહે. મેપડા, તા. વડગામ) પાબુ ઉર્ફે બાબુ મુંગળાભાઈ મેતાભાઈ ભગોરા (રહે. ખાપરા, તા. અમીરગઢ)ની ધરપકડ કરી હતી.

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી-૨૦૨૬

# પાંચોટમાં મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો : દૂધ ઉત્પાદક મંડળી ખાતે પશુપાલકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

(ગરવી તાકત) મહેસાણા તા.૯

લોકશાહીના પાયાને મજબૂત કરવાના ઉમદા હેતુ સાથે આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે પાંચોટ ગામમાં દૂધ ઉત્પાદક મંડળી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

એમ.એસ. પટેલ આદર્શ વિદ્યાલય અને પટેલ હેમકોરબા ઉચ્ચતર વિદ્યાલયના બી.એલ.ઓ. આરતીબેન પટેલ દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં



ગ્રામજનોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત સવારના સમયે જ્યારે પશુપાલકો દૂધ ભરાવવા માટે મંડળી પર એકત્રિત થયા હતા, ત્યારે તેમને ચૂંટણીનું મહત્વ અને એક-એક મતના મૂલ્ય વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. ગ્રામજનોમાં જાગૃતિ લાવવા માટે આ સ્થળની પસંદગી કરવામાં આવી હતી જેથી વધુમાં વધુ લોકો સુધી લોકશાહીનો આ સંદેશ પહોંચાડી શકાય.

## ૧૦ એપ્રિલ ૨૦૨૬થી દર્શકો માટે પ્રીમિયમ સિનેમાનો શુભારંભ

# મહેસાણામાં વન સિનેમાઝ- મુકતા A2 સિનેમાઝ દ્વારા સંચાલિત લક્ઝરી મલ્ટિપ્લેક્સનું ઉદ્‍ઘાટન

(ગરવી તાકાત) મહેસાણા તા.૦૯

વન સિનેમાઝ-મુકતા A2 સિનેમાઝ દ્વારા સંચાલિત, મહેસાણામાં એક નવા લક્ઝરી મલ્ટિપ્લેક્સના લોન્ચની જાહેરાત કરી છે, જે ૧૦ એપ્રિલ ૨૦૨૬થી દર્શકો માટે ખુલ્લું રહેશે. આ નવી પ્રોપર્ટી દર્શકોને પ્રીમિયમ અને ઉન્નત સિનેમા અનુભવ આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જેમાં આધુનિક ટેકનોલોજી, આરામદાયક બેઠક વ્યવસ્થા અને વિચારપૂર્વક તૈયાર કરેલી સુવિધાઓનો સમાવેશ થાય છે. મલ્ટિપ્લેક્સમાં ઉત્તર ગુજરાતનો સૌથી મોટો સ્ક્રીન, સાથે Dolby Atmos અને Dolby ૭.૧ સરાઉન્ડ સાઉન્ડ આપવામાં આવ્યો છે, જે દર્શકોને વધુ જીવંત અને વિશાળ અનુભવ આપે છે. આ સિનેમા લેસર પ્રોજેકશન ટેકનોલોજી, સિલ્વર સ્ક્રીન્સ અને ઉત્તમ દ્રશ્ય ગુણવત્તા સાથે સજ્જ છે, જે વધુ તેજસ્વી રંગો અને ઈમર્સિવ વિઝ્યુઅલ અનુભવ આપે છે. દર્શકોને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉદ્ઘ ફિલ્મ અનુભવનો પણ આનંદ મળશે, જે દરેક ફિલ્મને વધુ આકર્ષક બનાવે




છે.અહીં પ્લશ લક્ઝરી સીટિંગ (રેકલાઈનર્સ અને સોફા સહિત), એલેગન્ટ ઈન્ટિરિયર્સ અને પ્રીમિયમ એમ્બિયન્સ, તેમજ વિવિધ સ્વાદિષ્ટ ફૂડ અને બેવરેજ વિકલ્પો ઉપલબ્ધ છે, જે પરિવાર અને મિત્રો માટે સંપૂર્ણ એન્ટરટેઈનમેન્ટ ડેસ્ટિનેશન બનાવે છે. આ લોન્ચ ઉદયમાન બજારોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા સિનેમા અનુભવ પહોંચાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેમાં દર્શકોને યોગ્ય કિંમત પર શ્રેષ્ઠ અનુભવ આપવાનો ઉદેશ છે.

રાજત હકસર (ઓગસ્ટ એન્ટરટેઈનમેન્ટ) એ જણાવ્યું, "અમારો હેતુ મૂવી જોવાનો અનુભવ વધુ સરળ, પહોંચી વળે એવો અને ખિસ્સાને અનુકૂળ બનાવવાનો છે, જેમાં ગુણવત્તા અથવા ફૂડ સ્ટાન્ડર્ડ્સમાં કોઈ સમજૂતી ન થાય. આ મલ્ટિપ્લેક્સ દ્વારા અમે દર્શકોને એવા ભાવ પર લક્ઝરી અનુભવ આપી રહ્યા છીએ, જે આ બજાર માટે યોગ્ય છે. અમે એવા શહેરોમાં વિસ્તરણ પર ધ્યાન આપી રહ્યા છીએ જયાં વિકાસની વધુ સંભાવના છે અને દર્શકોને શ્રેષ્ઠ મૂવી અનુભવ આપી શકાય." સત્વિક લેલે, COO, મુકતા છ૨ સિનેમાઝ, એ ઉમેર્યુ: "મહેસાણામાં આ લક્ઝરી મલ્ટિપ્લેક્સ શરૂ કરવા માટે અમે ખૂબ ઉત્સાહિત અને આનંદિત છીએ. આ ઓગસ્ટ એન્ટરટેઈનમેન્ટ અને વન સિનેમાઝ સાથેનું સહયોગી પ્રયત્ન છે અને અમે ભવિષ્યમાં આવી વધુ પ્રોપર્ટીઝ સંચાલિત કરવા માટે આતુર છીએ. અમારી પ્રાથમિકતા વિવિધ બજારોમાં ઉચ્ચ ગુણવત્તાવાળો સિનેમા અનુભવ પહોંચાડવાની છે, અને આ લોન્ચ તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે." આ લોન્ચ સાથે, વન સિનેમાઝ, મુકતા છ૨ સિનેમાઝ દ્વારા સંચાલિત, પોતાની હાજરી વધુ મજબૂત બનાવતા, દર્શકોને લક્ઝરી, ટેકનોલોજી અને વેલ્યુ આધારિત અનુભવ પ્રદાન કરવાનું ચાલુ રાખે છે.

## પાલનપુર પાલિકા ચૂંટણી : ઉમેદવારી ફોર્મ ભરવાની શરૂઆત : કોંગ્રેસ અને AAPના ઉમેદવારોએ ફોર્મ રજૂ કર્યા

(ગરવી તાકાત) પાલનપુર તા.૯

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે. જિલ્લાના મુખ્ય મથક પાલનપુર નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ પ્રક્રિયા અંતર્ગત આજે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP)ના ઉમેદવારોએ પોતાના ફોર્મ રજૂ કર્યા હતા.પાલનપુર પાલિકાના વોર્ડ નંબર એકમાંથી કોંગ્રેસના ઉમેદવાર રાજુભાઈ ઝાલાએ પાલનપુર પ્રાંત કચેરીમાં પોતાનું ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું.આમ આદમી પાર્ટી (AAP) તરફથી વોર્ડ નંબર ત્રણમાં દીપકકુમાર વૈષ્ણવે પોતાનું ઉમેદવારી ફોર્મ જમા કરાવ્યું હતું.જોકે આ અંગે રાજુભાઈ ઝાલા વોર્ડ નં ૧ માં કોંગ્રેસમાં ઉમેદવારી નોંધાવી કહ્યું હતું કે 'પબ્લિકની જે માંગણી હતી, માણસોએ મને કીધું કે 'તમે રાજુભાઈ આ વખતે ફોર્મ ભરો, અમે તમને પૂરેપૂરી સહાયતા કરીશું અને તમે જીતીને આવો અને અમારું કામ કરો' એ માટે ફોર્મ ભરવા આવ્યું છું. જે વોર્ડ નંબર ૧માં જે સમસ્યાઓ છે એનાથી લોકો ત્રાસી ગયેલા છે. આ છેલ્લા ૨૦ વર્ષથી અમારા એરિયાની અંદર, ૨૦ વર્ષથી આ તકલીફ છે. પાર્ટી જોડે મેન્ડેટની જાહેરાત કરશે પછી મેન્ડેટ આપશે.

## સંક્ષિપ્ત સમાચાર

### તલોદ ખાતે 'સ્વીપ' (SVEEP) અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) ઈડર તા.૯

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે હેતુથી 'સ્વીપ' (SVEEP) અંતર્ગત તલોદ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે મતદાર જાગૃતિ અને શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો.

તલોદ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ તથા શેઠ શ્રી જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ યુવા વિદ્યાર્થીઓ અને ભાવિ મતદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે શાળાના પ્રોગ્રામ ઓફિસર શ્રી જે.કે. ગોસ્વામીએ ઉપસ્થિત તમામ યુવાઓને લોકશાહીના મૂલ્યો જાળવવા અને આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં અચૂક ભાગ લેવા માટે શપથ લેવડાવ્યા હતા.

કોલેજના આચાયશ્રીએ લોકશાહીના આ પર્વમાં યુવા મતદારોને પોતે મતદાન કરવા ઉપરાંત પોતાના પરિવાર અને આસપાસના લોકોને પણ મતદાન માટે પ્રેરિત કરવા જણાવ્યું હતું.

### હિંમતનગરમાં કરંટ લાગતા વેપારીનું મોત:બાથરૂમમાં સ્નાન કરતી વખતે ગીઝરના વાયરથી લાગ્યો આંચકો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૯

હિંમતનગરમાં નવાબજાર વિસ્તારમાં કરિયાણાના વેપારી રાકેશકુમાર રમેશચંદ્ર મોદીનું કરંટ લાગવાથી મોત થયું છે. આ ઘટના આજે સવારે તેમના ઘરના બાથરૂમમાં સ્નાન કરતી વખતે બની હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, રાકેશકુમારની દુકાન નીચે અને રહેઠાણ ઉપરના માળે આવેલું છે. આજે સવારે જ્યારે દુકાનમાં કામ કરતો દિલાવર આવ્યો ત્યારે દુકાન બંધ હતી. તેણે રાકેશભાઈને ફોન કર્યો, પરંતુ ફોન ઉપાડ્યો ન હતો. ત્યારબાદ તેણે રાકેશભાઈના સસરાને જાણ કરી હતી.

રાકેશભાઈના સસરાએ આવીને તપાસ કરતા રાકેશકુમાર બાથરૂમમાં બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. પરિવારજનોને જાણ થતાં તેઓ ઘરે પહોંચ્યા હતા. ઘટનાની જાણ હિંમતનગર બી ડિવિઝન પોલીસને કરવામાં આવતા પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી.

પોલીસે દરવાજો તોડીને અંદર પ્રવેશ કરતા રાકેશકુમાર બાથરૂમમાં પડેલા જોવા મળ્યા હતા. તપાસ દરમિયાન ગીઝરનો વાયર નીકળેલો જણાયો હતો, જેના કારણે કરંટ લાગવાથી તેમનું મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

આ અંગે હિંમતનગર બી ડિવિઝન PI એ.એમ. ચૌધરીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, નવાબજારના કરિયાણાના દુકાનદાર રાકેશભાઈ મોદીને દુકાન ઉપરના ઘરમાં સ્નાન કરતી વખતે કરંટ લાગ્યો હતો, જેના કારણે તેમનું મોત નીપજ્યું છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ઈડર નગરપાલિકા ચૂંટણી, ૯૦ ફોર્મનું વિતરણ થયું:ફોર્મ ભરવા બે દિવસ બાકી, હજુ એકપણ ભરાયું નથી

(ગરવી તાકાત) ઈડર તા.૯

ઈડર નગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે. અત્યાર સુધીમાં ૯૦ જેટલા ઉમેદવારી ફોર્મનું વિતરણ થયું છે, પરંતુ હજુ એકપણ ફોર્મ ભરાયું નથી. ફોર્મ ભરવા માટે માત્ર બે દિવસ બાકી છે. ૧૧ તારીખે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે.

નગરપાલિકામાં કુલ સાત વોર્ડ આવેલા છે, જેના માટે ૨૮ ઉમેદવારોની ચૂંટણી યોજાશે. ચૂંટણીને લઈને ઈડર શહેરમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.

ભારતીય જનતા પાર્ટીમાં કેટલાક ઉમેદવારો પોતાનો વોર્ડ છોડીને અન્ય વોર્ડમાંથી ચૂંટણી લડવા ઈચ્છી રહ્યા છે, જેના કારણે સ્થાનિક ઉમેદવારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ, કોંગ્રેસ પક્ષ ભાજપના ઉમેદવારોને ટક્કર આપી શકે તેવા મજબૂત ઉમેદવારોની શોધમાં છે. બંને મુખ્ય પક્ષો કોઈપણ ભોગે નગરપાલિકાની સત્તા મેળવવા પ્રયાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત, ઈડર શહેરમાં અપક્ષ ઉમેદવારોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે. દરેક વોર્ડમાં અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં જોવા મળી શકે છે.

આવતીકાલથી ઉમેદવારો ફોર્મ ભરવાની શરૂઆત કરશે તેવી શક્યતા છે. ફોર્મ ભરવા માટે ઓછા દિવસો બાકી હોવાથી, ઈડર નગરપાલિકાની ચૂંટણીમાં નવાજૂની થવાના સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે.

Volume : 11 Issue : 353 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002